શ્રી ગ્રેટર મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ
Shri Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh
સંચાલિત
શ્રી માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ
MATUSHRI MANIBEN MANSHI BHIMSHI CHHADVA DHARMIK SHIKSHAN BOARD

Website : jainshikshan.org E-mail : jainshikshanboard@gmail.com

**૧૧ ઓગસ્ટ ૨૦૧૯ - પ્રશ્ન પેપર - ગુણ - ૧૦૦ સમય: ૨ થી ૫**

# સર્ટીફીકેટ કોર્સ શ્રેણી – ૮

**પ્રશ્ન ૧. સૂત્ર વિભાગ** (૩૦)

**ક) પાઠપૂર્તિ કરો.** (૮)

૧. દંતવાણિજજે ........... પોસણયા
૨. લોભ ........... સલ્લં
૩. મંડી ........... આણભોયણાએ
૪. પડિગ્ગહધારા ........... વંદામિ

**ખ) ગુજરાતી અર્થ લખો – ક્યા પાઠમાં આવે છે તે લખો.** (૫)

૧. દસાકપ્પવવહારાણં
૨. વિસાસિયં
૩. વિતિગિચ્છા
૪. દંસણધરાણં
૫. વિપ્પરિયાસિયાએ

**ગ) મૂળ પાઠ લખો.** (૫)

૧. અશુધ્ધ ભિક્ષા
૨. કોઈની સાથે
૩. મનોજ્ઞ
૪. ગુણવ્રતો
૫. શુધ્ધ ઉચ્ચાર વિના ભણાયું હોય.

**ઘ) સવાલના જવાબ લખો (કોઈપણ ૫)** (૧૨)

૧. ખમતખામણા એટલે શું ? મિચ્છામિ દુકકડં એટલે શું ? તેમાં શો તફાવત છે ?
૨. સિધ્ધના મુખ્ય આઠ ગુણ છે તે ક્યા – ક્યા ?
૩. છઠ્ઠા ખામણા કોને કરવાના છે ? તેમની દરેકની સંખ્યા કેટલી છે ?
૪. ઉપાધ્યાયજીના ૨૫ ગુણ ક્યા – ક્યા છે ?
૫. ૧૨૪ દોષ ટાળીને પ્રતિક્રમણ કરવાનું છે, તે દોષ કયા ?
૬. શ્રુતદેવની આશાતના કેવી રીતે થાય છે, તે સમજાવો.
૭. ઠવણા પાહુડિયાએ દોષ એટલે શું ?

પ્રશ્ન ૨. દંડકના આધારે જવાબ લખો. (૩૦)

ક) વ્યાખ્યા લખો (કોઈપણ પાંચ) (૫)

૧. કુબ્જ સંસ્થાન
૨. ઈન્દ્રિય
૩. કેવળ સમુદ્ઘાત
૪. દ્રષ્ટિ
૫. ઉપયોગ
૬. ચવણ

ખ) માત્ર સંખ્યા લખો. (કોઈપણ આઠ) (૮)

૧. આહારના કુલ કેટલા પ્રકાર છે ?
૨. જુગલિયાઓને કુલ કેટલી લેશ્યાઓ હોય ?
૩. મધમાખીને કેટલી સમુદ્ઘાત હોય ?
૪. નારકીમાં યોગ કેટલા હોય ?
૫. સિધ્ધમાં ઉત્કૃષ્ટ કેટલા જીવ ઉપજે ?
૬. ખાણમાં રહેલા કોલસામાં પર્યાપ્તિ કેટલી ?
૭. સનતકુમાર દેવલોકમાં વેદ કેટલા ?
૮. લવણસમુદ્રની સંજ્ઞી માછલીને જ્ઞાન કેટલા ?
૯. સંમુચ્છિમ મનુષ્યને દર્શન કેટલા ?

ગ) અમને ઓળખો. (૫)

૧. ચૌદ પૂર્વી સાધુ જ અમોને બનાવી શકે.
૨. અમારી અવગાહના ૨૫૦ ધનુષ્યની હોય.
૩. અમે ભલે રહયા દેવ પણ અમારામાં અસંજ્ઞી પંચેન્દ્રિય પણ ઉત્પન્ન થઈ શકે.
૪. સહુથી વધારે જીવો અમારામાં ઉપજે.
૫. સહુથી વધારે સુખ અમારું પણ છતાંયે સહુથી ઓછા બોલ અમારા.

ઘ) સવાલના જવાબ લખો. (કોઈપણ છ) (૧૨)

૧. જુગીલયા મનુષ્યનો દૃષ્ટિ દ્વાર તથા જ્ઞાન દ્વાર લખો
૨. ભરતક્ષેત્રના ગર્ભજ મનુષ્યની ઉત્સર્પિણી કાળની ઉત્કૃષ્ટ સ્થિતિ લખો.
૩. ચારે જાતીના દેવોનો દંડક લખો.
૪. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયની અવગાહના દ્વારની ગાથા લખો.
૫. ૨૪ દંડકના ક્રમથી નામ લખો
૬. નારકીનો લેશ્યાદ્વાર લખો
૭. દંડક એટલે શું ? કયા સૂત્રમાં તેનું વિવરણ છે ? અંતિમ ચાર દ્વારના નામ લખો.

પ્રશ્ન ૩. કાળ અને અવગાહનાના આધારે લખો. (કોઈપણ પાંચ) (૫)

૧. સમય વિષે સમજાવો
૨. ૧ ક્રોડ પૂર્વ એટલે કેટલા વર્ષ ?

૩. જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહર્ત વિષે જણાવો
૪. આત્મ અંગુલથી કયા પદાર્થો માપવામાં આવે છે.
૫. શરીરની અવગાહના એટલે શું ?
૬. ૧ યોજનના કેટલા ધનુષ્ય થાય ?

પ્રશ્ન ૪. અસજઝાના આધારે જવાબ લખો. (કોઈપણ પાંચ) (૧૦)

૧. અસજઝાય એટલે શું ? તેનું વર્ણન કયા આગમોમાં, કઈ જગ્યાએ આવેલ છે.
૨. નિર્ઘાત અસજઝાય સમજાવો.
૩. ઉપાશ્રય અંત : ઔદારિક શરીરની અસજઝાયની સમજણ આપો
૪. ઉત્કાલિક સૂત્રોનાં નામ આપો
૫. ૨૧ થી ૨૮ અસજઝાય કેમ કહી છે. તેની સમજણ આપો
૬. કુલ અસજઝાય કેટલી છે. તેના કેટલા વિભાગ છે ? દરેક વિભાગના નામ અને તેની અસજઝાયના નામ લખો.

પ્રશ્ન ૫. મોક્ષમાર્ગ આરાધનાના આધારે જવાબ લખો. (કોઈપણ પાંચ) (૫)

૧. સંસાર ભ્રમણનું મૂળ કારણ શું છે ?
૨. શેનો ત્યાગ કરવાનો છે, અને શું આદરવાનું છે ?
૩. ઉણોદરી તપ કેવી રીતે કરશો ?
૪. આ વિભાગમાં આપેલી બે મૂળ ગાથા લખો
૫. સ્વાધ્યાય તપમાં શું કરવાનું હોય ?
૬. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધના માટે કેટલા – કેટલા બોલ આપેલા છે ?

પ્રશ્ન ૬. કથા વિભાગના આધારે જવાબ લખો. (૧૦)

૧. મરિચિ જ્યારે ત્રિદંડી સંન્યાસી બન્યા ત્યારે તેમણે કેવો વેશ ધારણ કરેલ હતો સંપૂર્ણ લખો.
૨. પ્રિયમિત્ર ચક્રવર્તીએ કયા આચાર્ય પાસે દિક્ષા લીધી ? કેટલું આયુષ્ય ભોગવ્યુ ? મૃત્યુ પામીને ક્યાં ઉત્પન્ન થયા ?
૩. પ્રભુ કેટલા વર્ષના થયા ત્યારે માતાપિતાએ સંથારો લીધો ? એ કેટલો કાળ ચાલ્યો ? મરીને ક્યાં ઉત્પન્ન થયા ?
૪. સંગમે ભગવાનને કેટલા કાળ સુધી, કેવા ઉપસર્ગો આપ્યા ? તે લખો.
૫. પ્રભુએ સાડા બાર વર્ષમાં કઈ-કઈ પ્રતિમાઓ ધારણ કરી, એના પારણા કોના હાથે, શેનાથી થયા ?

પ્રશ્ન ૯. કાવ્ય વિભાગ – કડી પૂર્ણ કરો. (૧૦)

૧. ભિન્નેભ ........... સંશ્રિતં તે
૨. મત્ત ........... મતિમાન ધીતે
૩. મન્યે ........... ભવાન્તરેપિ
૪. યે:શાન્ત ........... રૂપમસ્તિ

જય જિનેન્દ્ર